ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G




છેલ્લા કેટલાય કલાકોથી સેક્ટર-૨૧ ચ-ટાઈપ પાસે એક ગાય અત્યંત દયનીય હાલતમાં જોવા મળી હતી. બીલકુલ અશક્ત ગાય... દર્દથી કણસતી હતી. આખરે જલારામ સેવા દ્વારા ઉપચાર કરવામાં આવ્યો અને પાટણ ગૌશાળામાં મોકલવામાં આવી. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી આ ગાયને બચાવવાનાં પ્રયાસમાં વિનુભાઈ, પ્રકાશભાઈ, અજયભાઈ અને ડૉ. ચંદ્રપાલસિંહ માનવતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૮માં રહેણાંક વિસ્તારમાં હરિયાળીનું નિકંદન : લીમડા કપાયા

## વૃક્ષછેદનના લીધે પ્રકૃતિપ્રેમીઓમાં નારાજગી

ગાંધીનગર, તા. ૧૨

સે. ૮ ના ખાનગી રહેણાંક વિસ્તારમાં એક ઉચ્ચ અધિકારીના મનસ્વી વલણના લીધે લીમડાના બે વૃક્ષોનું નિકંદન વળી ગયું હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. એકબાજુ ગ્રીનસીટી - બેરીનસીટી બની રહ્યું હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે પડોશીઓના ગજગ્રાહ વચ્ચે હરિયાળા વૃક્ષોનો ભોગ લેવાતો હોવાનો કીસ્સો પ્રકાશમાં આવતા પ્રકૃતિપ્રેમીઓમાં રોષ ભભૂક્યો છે.

શહેરમાં વિકાસ કામોના નામે સંખ્યાબંધ વૃક્ષોનું નિકંદન વળી રહ્યું છે. ત્યારે વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોની વાત માત્ર સોહામણા સૂત્ર તરીકે જ રહી ગઈ હોય તેમ બેરોકટોક વૃક્ષછેદન કરવામાં આવતું હોવાના કીસ્સાઓ સામે આવી રહ્યા છે. સે. ૮ ના ખાનગી રહેણાંક વિસ્તારમાં સ્થિત બે લીમડાના વૃક્ષો જમીનદોસ્ત કરી દેવાતા સ્થાનિક વૃક્ષપ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે. એક ઉચ્ચ અધિકારીએ પોતાની વગનો ઉપયોગ કરી લીમડાના વૃક્ષોનું નિકંદન વાળી દીધુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સે. ૮ માં પ્લોટ નં. ૬૫૬/૧ સામે સ્થિત લીમડાનું વૃક્ષ નડતરરૂપ ન હોવા છતાં જમીનદોસ્ત કરી દેવાતા વૃક્ષપ્રેમીઓમાં નારાજગી વ્યાપી છે. જ્યારે આ મામલે રજૂઆત કર્તાઓને વન વિભાગ દ્વારા પણ યોગ્ય પ્રતિઉત્તર ન મળતા પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. સે. ૮માં વૃક્ષછેદનના લીધે આક્રોશ સાથે વિવાદ ભડક્યો છે.

# સેક્ટર-૭ ના શૌચાલયમાં પાણીનો બગાડ અને ગંદકી : વેપારીઓ ત્રસ્ત

## જૂના શૌચાલયો તોડી પાડવાના મામલે પણ કોઈ નિર્ણય લેવાતો નથી

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં ગંદકીનો પ્રશ્ન જટીલ બન્યો છે. જ્યારે જૂના શૌચાલયો પણ ગંદકીનું કેન્દ્ર સ્થાન બન્યા છે. બીજીતરફ નવા ટોયલેટ કક્ષાએ વર્ષોથી તાળા વાગ્યા છે. સે. ૭માં શૌચાલયની ટાંકીમાંથી રોજબરોજ પાણી ઉભરાતા શોપીંગ વિસ્તાર પાસે કાદવકીચડ વચ્ચે ગંદકી થાય છે. પાણીનો બગાડ અટકાવવા સુફીયાણી વાતો હાંકતુ તંત્ર જ આ મામલે જાગૃત નથી..!!

શહેરમાં શૌચાલયની જાળવણીના અભાવ વચ્ચે આમ નાગરિકો માટે અનેક પ્રશ્નો મંડરાયા છે. જૂના શૌચાલયો ખંડેર હાલતમાં અસાજિક તત્વો માટે આશીર્વાદરૂપ બન્યા છે. ત્યારે આ શૌચાલયો તોડવાના મામલે પણ કોઈ પગલા લેવાતા નથી. જ્યારે નવા શૌચાલયોને હજુ તાળા વાગ્યા છે. અગાઉ શૌચાલયોમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા લાખોના ખર્ચે લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ બિનઉપયોગી શૌચાલયો આમ નાગરિકોના ઉપયોગમાં આવતા નથી. ત્યારે હાલ આ ઠેકાણે પાણીનો બગાડ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. સે. ૭માં શોપિંગ વિસ્તાર નજીક સ્થિત શૌચાલયમાં પાણીની ટાંકી રોજબરોજ ઉભરાતા આસપાસના વિસ્તારોમાં કાદવ કીચડ થાય છે. જેના પરિણામે ગંદકી ઉદ્ભવતા વેપારીઓ પણ તોબા પોકારી ગયા છે. જ્યારે પાણીનો બગાડ પણ થાય છે. નાગરિકોને પાણીનો વેડફાટ ન કરવા જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાછે. ત્યારે બિનઉપયોગી શૌચાલયો પાણીના બગાડ અને ગંદકીનું કેન્દ્રસ્થાન બની રહ્યા છે.

# ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં ગરમીનો પ્રકોપ હજુ યથાવત

ગાંધીનગર, તા. ૧૨

સૌરાષ્ટ્રમાં મેઘાએ મહેર કરતાં લોકોએ ગરમીથી રાહત મેળવી હતી. તો બીજી બાજુ ઉત્તર ગુજરાતમાં હજુ પણ બફારા સાથે ગરમી ચાલુ રહેતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાટનગર ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં હજુ પણ મેઘાની પધરામણી ન થતાં ગરમીનો પ્રકોપ ચાલુ રહેવા પામ્યો છે. પાટનગર ગાંધીનગરમાં ભારે ઉકળાટ સાથે ગરમી યથાવત રહેતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે.

ગાંધીનગર સહીત સમગ્ર ઉત્તર ગુજરાતમાં લોકો અને ખેડૂતો કાગડોળે મેઘરાજા ક્યારે પધરામણી કરશે તેની રાહ જોઈ રહ્યા છે. આ વિસ્તારમાં જો આગામી ૨૦મી સુધીમાં વરસાદ ન થાય તો ખેડૂતોએ પાક બદલો પડે તેવી ભીતી વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને ૬ માસની કેદ

## ફરિયાદીને કોમ્પન્સેશન પેટે દોઢ લાખ ચુકવવા આદેશ

ગાંધીનગર, તા.૧૨

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૬ માસની સાદી કેદની સજા ભોગવા હુકમ કર્યો છે. આ ઉપરાંત ફરિયાદીને વળતર પેટે રૂ. ૧.૫૦ લાખ ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૩૦માં બ્લોક નં. ૪૦/૧માં રહેતા ભરત ત્રિભુવનરામ પંડિતે કોલવડાના રહેવાસી મહેન્દ્રસિંહ વરવાજી વાઘેલા પાસે મિત્રતાના નાતે રૂ. ૧.૫૦ લાખ હાઇ ઉછીના માંગ્યા હતા. આરોપીની પુત્રીના લગ્ન હોવાથી તેમણે નિયત સમય માટે આ રકમ ઉછીની આપી હતી. જયારે પૈસાની ઉઘરાણી વેળાએ આરોપીએ તેમને ચેક આપ્યો હતો. આ ચેક મહેન્દ્રસિંહે બેકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના શેરા સાથે ચેક બેંકમાંથી પરત ફર્યો હતો. જેથી ફરિયાદીએ આરોપી ભરત પંડીતને વકીલ મારફતે નોટીસ આપી હતી. આમ છતાં લેણાં ચુકવ્યા ન હતા. જેથી આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

● અનુસંધાન પાન-૭ પર

# ખૂણે... ...ખાંચરેથી

- આજે જિલ્લાભરમાં ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ગુરૂ ભગવંતોની પૂજા અર્ચના કરવામાં આવી હતી.
- જાણીતા ચિંતક અને સાહિત્યકાર શ્રી ગુણવંત શાહનું આજે કલ્ચરલ ફોરમના ઉપક્રમે જાહેર વ્યાખ્યાન છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજની તમામ ૧૨૫ બેઠકો આજે ભરાઈ જવા પામી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ફોન કેબલ કપાઈ જતાં બંધ પડી ગયા છે.
- ગાંધીનગર જિલ્લાના નવનિયુક્ત જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે કલેક્ટર કચેરીની તમામ ઓફિસોની મુલાકાત લીધી હતી.

# દ. ગુજરાતમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૨

દક્ષિણ ગુજરાતમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવામાનમાં પલટો આવતા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની પધરામણી થવા પામી છે. વરસાદની સિસ્ટમ ઉભી થતાં આગામી ૪૮ કલાક દરમ્યાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડવાની અને કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.



પૂરક પરીક્ષા - ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં એકાદ-બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષા લેવાય છે. ગાંધીનગર કેન્દ્રમાં સારા એવા વિદ્યાર્થીઓ પુનઃ પરીક્ષા આપી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

# હાઉસીંગ બોર્ડ દ્વારા ડ્રોને રદ કરવાના મામલે ૧૫મીએ સુનાવણી

અમદાવાદ, તા.૧૨

ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ડ્રોને રદ કરવાના પ્રશ્નો ઉઠાવીને દાખલ કરવામાં આવેલી અરજી ઉપર હવે ગુજરાત હાઈકોર્ટમાં ૧૫મીએ થનાર સુનાવણી ઉપર તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભારે હોબાળો મચી ગયા બાદ સરકારે નવેસરના ડ્રોને મોકૂફ કરવાની જાહેરાત કરી હતી. અમદાવાદ જિલ્લા માટે નવેસરથી ડ્રો હવે ૧૮ અને ૨૫મી જુલાઈના દિવસે યોજાશે. ૧૫મી જુલાઈના દિવસે થનાર સુનાવણીમાં ધારદાર દલીલો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર લોકો પણ આને લઈને કોર્ટનું વલણ કેવું રહે છે તે બાબત ઉપર નજર રાખી રહ્યા છે.





ગાંધીનગર મહાનગરપાલિકા આરંભે છે

સ્વચ્છ નગર અભિયાન

ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન કાર્યક્રમ

તા. : ૧૪ જુલાઈ, ૨૦૧૪. સોમવાર । સમય : સવારે ૯.૦૦ કલાકે

સ્થળ : છ-૬ ના સર્કલ પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગર.

નિમંત્રક : મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા

જેમ સ્વચ્છ શરીરમાં મન સ્વચ્છ અને સ્વસ્થ રહે છે તેમ સ્વચ્છ નગરમાં નાગરિક સ્વસ્થ રહે છે અને સમૃદ્ધિ પામે છે...



મહેન્દ્રસિંહ રાણા, મેયર | આશિષ દવે, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટિ | સુભાષ પાંડવ, ડેપ્યુટી મેયર | મનુભાઈ પટેલ, નેતા

આવો, આપણે સહુ સાથે મળીને આપણા નગરને સ્વચ્છ બનાવીએ...



**ડુપ્લેક્ષ વેચવાનું છે**

પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડ ઉપર, કોર્નરનું મકાન, શોપીંગ સેન્ટર નજીક, ૮ રૂમ, કેબીન, ફુલ ફર્નિચર સાથે ડુપ્લેક્ષ વેચવાનું છે. સરકારી ઈજનેરી કોલેજ નજીક

મો. ૯૭૧૪૧૦૯૧૦૮



**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


# કુરિયર બોય બનીને આવતા ચેઈન સ્નેચર્સનો આતંક વધ્યો

## સે.૭માં ઘરમાં ઘૂસીને મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી

## કુરિયર બોય બનીને આવેલો ચેઈન સ્નેચર એક્ટીવા પર ફરાર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં થોડા મહિના અગાઉ જે રીતે સે.૩ માં એક કુરિયર બોય બનીને આવેલા શખ્સ દ્વારા ધોળે દિવસે ઘરમાં ઘૂસીને વૃદ્ધાનો દોરો ખેંચ્યો હતો તે જ પદ્ધતિથી સે.૨૪ માં રહેતા નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેરના ઘરમાં મોબાઈલ નંબર લખવાનો રહી ગયો હોવાના બહાને ઘૂસીને સોનાનો દોરો ગળામાંથી આંચકીને કુરિયર બોયના સ્વાંગમાં આવેલો ચેઈન સ્નેચર ફરાર થઈ ગયો હતો. કુરિયર બોય બનીને આવતા ચેઈન સ્નેચર્સનો આતંક વધી ગયો છે. આજે સે-૭ માં પણ આ જ પદ્ધતિથી ચેઈન સ્નેચિંગ થવા પામી છે. સે-૭ પોલીસે આ સંદર્ભે મહિલાની ફરિયાદને આધારે ગુનો દાખલ કર્યો છે.

શહેરના સે-૭ એ પ્લોટ નં.૨૬૫/૧ માં રહેતા ક્રીમાબેન મનીષભાઈ મકવાણાના ઘરે આજે બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં એક કુરિયર બોય આવ્યો હતો અને પાર્સલ પકડાવીને ઘરમાં સહી કરાવવાના બહાને ઘુસી ગયો હતો. ક્રીમાબેન સહી કરવા ગયા તેટલામાં ગળામાં હાથ મારીને રૂ.૧૫ હજારની કિંમતનો એક તોલાનો દોરો આંચકી ચેઈન સ્નેચર એક્ટીવા

● અનુસંધાન પાન-૭ પર


**વિદ્યા લાયબ્રેરી**

રજત જયંતિ નિમિત્તે યોજે છે

૧૮મો ભવ્ય પુસ્તક મેળો

તા. ૨૦, ૨૧ જુલાઈ ૨૦૧૪ (રવિ, સોમ)

સ્થળ : વિદ્યા લાયબ્રેરી, સેક્ટર-16



**મકાન ભાડે આપવાનું છે**

પ્લોટ નં. ૮૫૬/૧, સેક્ટર-૨સી, ગાંધીનગર, ઘ-૨ ચોકડી નજીક, (ફક્ત કૉલેજ અભ્યાસ કરતી / નોકરીયાત છોકરીઓ માટે)

કોન્ટેક્ટ : ૯૦૯૯૯ ૪૩૫૮૧

કોન્ટેક્ટ : ૯૮૨૪૩ ૧૮૯૬૩



**રાસ-ગરબા ક્લાસ**

KIPA

પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો

ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117

પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.



**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

મહાનગર સેવા સદન

ઉચ્ચ શિક્ષણમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનાં સન્માન કાર્યક્રમની સુચના

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા કુટુંબોના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ વર્ષ ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષ દરમિયાન સ્નાતક અને તેનાથી ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી હોય તેમનું સન્માન કરવાનું હોઈ નીચેના સરનામે પોતાની સંપૂર્ણ વિગતો, રહેણાંકના પુરાવા અને પદવીની પ્રમાણિક માર્કશીટ સાથે સાદા સાગળ પર મોડામાં મોડા તા. ૨૧/૭/૨૦૧૪ સુધીમાં અરજી કરવા જણાવવામાં આવે છે.

નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, પ્રથમ માળ, એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર-૧૧, મહાનગરપાલિકા, ગાંધીનગર



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY

Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com